| પૂરક પ્રશ્ન ક્રમાંક | **અગ્રતા ક્રમ –૦૨**<br>**પુરક પ્રશ્ન આપેલ ધારાસભ્યશ્રીનું નામઃ– શ્રી કમલેશભાઇ પટેલ– પેટલાદ** |
|---|---|
| **પ્રશ્ન–૩** | **મોડલ બાયલોઝ ના ઉદ્દેશ્ય નું વાસ્તવિક અમલીકરણ થઈ શકે તે માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના મૂકેલ છે? અને તેનાથી પેક્સને શું ફાયદા થશે ?** |
| **જવાબ–૩** | • મોડલ બાયલોઝ અંતર્ગત વિવિધ પ્રકારની કામગીરી કરવા માટે પ્રાથમિક જરૂરિયાત ને ધ્યાને રાખીને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત સહાયથી "**પેક્સનું ડિજિટાઈઝેશન કરવા પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનની યોજના"** અમલમાં મૂકેલ છે.<br>• આ યોજના અન્વયે "**પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ સહકારી મંડળીઓનુ (પેકસ) કોમ્પ્યુટરાઈઝેશન કરીને તેઓને કોર બેન્કિંગ સિસ્ટમથી"** જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક સાથે જોડવામા આવનાર છે.<br>• પેક્સ કોમ્પ્યુટરાઈઝેશન અંતર્ગત રાજયની ૫૭૫૪ મંડળીઓને પ્રથમ તબક્કામાં આવરી  લેવામાં આવેલ છે.<br>• આગામી સમયમાં રાજયની તમામ કાર્યરત પેકસને આ યોજના અંતર્ગત આવરી  લેવામાં આવશે.<br>• આ યોજના અંતર્ગત થનાર ખર્ચમાં કેન્દ્ર સરકારનો ફાળો ૬૦% અને રાજય સરકારનો ફાળો ૪૦ % છે.<br>• આ યોજના અંતર્ગત કેંદ્ર સરકાર તરફથી એક કોમન સોફ્ટવેર તૈયાર કરવામા આવેલ છે જે તમામ પેકસ ને નિ:શુલ્ક આપવામાં આવેલ છે.<br>• આ ઉપરાંત પેકસ ને તમામ જરુરી હાર્ડવેર જેવાં કે,<br>(1) કોમ્પ્યુટર,<br>(2) મલ્ટી ફંકશનલ પ્રિંન્ટર,<br>(3) વેબ કેમેરા,<br>(4) યુ.પી.એસ,<br>(5) બાયોમેટ્રીક સ્કેનર પુરા પાડવામાં આવેલ છે.<br>• મંડળીના અગાઉ ના વર્ષના તમામ ડેટાઓને સોફ્ટવેરમાં  ડિજિટલાઇઝ કરવાની પ્રક્રીયા ચાલુમાં છે.<br>• વધુમાં પેકસ મંડળીઓના મંત્રીશ્રીઓ અને કર્મચારીઓ ને આ સોફ્ટવેર |

| | |
|---|---|
| | ચલાવવા માટે જરૂરી તમામ તાલીમ પણ પૂરી પાડવામાં આવનાર છે.<br>• [આ પ્રોજેક્ટ અંતર્ગત અંદાજિત એક પેક્સ દીઠ રુ.૩,૯૧,૩૬૯/- મુજબ પ્રથમ તબક્કામાં કુલ ૨૨૫ .૧૯ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.]<br>• [અત્યાર સુધી રાજ્યની ૫૭૫૪ પૈકી ૧૨૯૦ પેક્સ મંડળીઓમાં ગો-લાઇવ ની કામગીરી પૂર્ણ થયેલ છે અને આગામી બે માસમાં તમામ મંડળીઓમાં ગો-લાઇવની કામગીરી પૂર્ણ કરવાનો અંદાજ છે.]<br>આ યોજનાના કારણે<br>(૧) PACS ની કામગીરી ઝડપી, પારદર્શક અને જવાબદારીભરી બનશે.<br>(૨) PACS સ્તરે સભ્યોને આપવામાં આવતી (ક્રેડિટ અને નોન-ક્રેડિટ) સુવિધાઓમાં સુધારો આવશે.<br>(૩) નાણાકીય અનિયમિતતાઓને સમયસર અટકાવી શકાશે.<br>(૪) PACS ની કાર્યદક્ષતામાં વધારો થશે તથા આંગળીના ટેરવે માત્ર એક ક્લિક થી માહીતી મળવાના કારણે ઝડપી તથા યોગ્ય નીતિ વિષયક નિર્ણય કરી શકશે.<br>(૫) સભ્યો માટે નાણાંકીય સમાવેશ અને વ્યવસાયની તકોનો વ્યાપ વધશે.<br>(૬) ગામમાં યુવાનો માટે રોજગારીની તકો વધશે.<br><br>• આ ઉપરાંત મોડલ બાયલોઝ અંતર્ગત પ્રોસેસીંગની કામગીરીને પ્રોત્સાહન મળે તે માટે પેક્સ મંડળીઓને પ્રોસેસીંગ કમ ગોડાઉન બનાવવા માટે ૫૦% કેપીટલ સબસીડી ની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકેલ છે.<br>• આ યોજના હેઠળ ૫૦૦ મેટ્રિક ટન થી વધુ ની સંગ્રહક્ષમતા ધરાવતાં ગોડાઉન માટે પ્રતિ મેટ્રિક ટન રૂ ૫૦૦૦/- લેખે મહત્તમ રૂ.૫૦ લાખની મર્યાદામાં સહાય આપવામાં આવશે.<br>• આના પરિણામ સ્વરૂપ ગ્રામ્ય સ્તરે સંગ્રહ ક્ષમતામાં વધારો થશે તેમજ ગ્રામ્ય કક્ષાએ જ પ્રોસેસીંગ યુનિટ સ્થાપી વેલ્યુ એડિશનની સુવિધા ઉપલબ્ધ થઈ શકશે. |